પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૧૬૩ | ૨૩ ઓગસ્ટ, ૨૦૧૯, શુક્રવાર; શ્રાવણ વદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# ચિદમ્બરમ ૨૬મી સુધી સીબીઆઈ કસ્ટડીમાં

**જોરદાર તર્કદાર દલીલો પણ ચિદમ્બરમને બચાવી શકી નહીં : સીબીઆઈની કસ્ટડી દરમિયાન રોજ અડધા કલાક સુધી ચિદમ્બરમને મળવા માટે પરિવારના સભ્યો-વકીલોને કોર્ટની લીલીઝંડી : પુછપરછનો દોર ચાલશે : અભિષેક મનુ સિંઘવીએ કહ્યું- સીબીઆઈનો કેસ માત્ર ઈન્દ્રાણી મુખરજીના નિવેદન અને એક કેસ ડાયરી પર આધારિત**

નવી દિલ્હી, તા. ૨૨

પુર્વ નાણાંમંત્રી પી. ચિદમ્બરમની મુશ્કેલીમાં આજે વધુ વધારો થઈ ગયો હતો. કારણ કે, કોર્ટે તેમને ૨૬મી ઓગસ્ટ સુધી સીબીઆઈની કસ્ટડીમાં મોકલી દેવાનો આદેશ કર્યો હતો. ચિદમ્બરમ તરફથી તર્કદાર દલીલો તેમના વકીલો દ્વારા કરવામાં આવી હતી પરંતુ ચિદમ્બરમને બચાવી લેવામાં સફળતા મળી ન હતી. તમામ પ્રયાસો નિષ્ફળ રહ્યા હતા. ચિદમ્બરમને જામીન આપવા માટે તમામ પ્રયાસો વરિષ્ઠ વકીલો દ્વારા કરાયા છતાં તેમના પ્રયાસો કામ ન લાગ્યા હતા. ૨૬મી ઓગસ્ટ સુધી સીબીઆઈ કસ્ટડીમાં લઈ લેવામાં આવ્યા બાદ તેમના પર જરૂરી મેડિકલ ટેસ્ટ કાયદા મુજબ કરવામાં આવ્યા હતા.

કોર્ટના ચુકાદા બાદ તેમને કોર્ટમાંથી ભારે ભીડ વચ્ચે લઈ જવામાં આવ્યા હતા. કોર્ટે સીબીઆઈની કસ્ટડી દરમિયાન દરરોજ અડધા કલાક સુધી તેમને મળવા ચિદમ્બરમના વકીલો અને પરિવારના સભ્યોને મંજુરી આપી દેવામાં આવી છે. તમામ પાસાઓ અને સંજોગોને ધ્યાનમાં લીધા બાદ ચિદમ્બરમની પોલીસ કસ્ટડી

● અનુસંધાન પાન-૭ પર



## દરેક પ્રશ્નોના જવાબ આપ્યા હતા : ચિદમ્બરમ

**તેમના અને તેમના પુત્રના ખાતા અંગે પ્રશ્ન થયા : રાત્રે ધરપકડ કરવામાં આવ્યા બાદ રાત્રે કોઈ પુછપરછ કરાઈ ન હતી : સવારે ૧૧ વાગેથી પ્રશ્ન કરવામાં આવ્યા**

નવી દિલ્હી,તા. ૨૨

નાણાંમંત્રી પી. ચિદમ્બરમની મુશ્કેલીઓ સતત વધી રહી છે. ચિદમ્બરમની મુશ્કેલીઓ હાલ ઓછી થાય તેવા સંકેત દેખાઈ પણ રહ્યા નથી. આજે તેમને કસ્ટડીમાં લઈ લેવામાં આવ્યા હતા. જ્યાં ૨૬મી ઓગસ્ટ સુધી રહેશે. ચિદમ્બરમે કહ્યું હતું કે, તેઓએ દરેક પ્રશ્નોના જવાબ આપ્યા છે. એવા કોઈ પ્રશ્ન નથી જેનો જવાન આપ્યો નથી. પ્રશ્નોની યાદી વાચી શકાય છે. અધિકારીઓએ તેમના અને તેમના પુત્રના ખાતાના સંબંધમાં વાત કરી હતી. બહાર કોઈ ખાતા છે કે કેમ તેવો પ્રશ્ન કરવામાં આવ્યા બાદ સીબીઆઈના અધિકારીઓને કહેવામાં આવ્યું હતું કે તેમનું બહાર કોઈ ખાતુ નથી. તેમના પુત્રના સંબંધમાં પુછવામાં આવતા કહેવામાં આવ્યું હતું કે, તેમના ચોક્કસ પણે વિદેશમાં ખાતા છે. ચિદમ્બરમે તકદાર દલીલો કરી હતી. બીજી બાજુ રાત્રે ધરપકડ કરવાનો આક્ષેપ કરતા તેમના વકીલ કપિલ સિબ્બલે કહ્યું હતું કે, રાત્રે તેમની કોઈ પુછપરછ કરવામાં આવી

● અનુસંધાન પાન-૭ પર

## કોર્ટરૂમ તો બહુ જ નાનો છે : કોર્ટરૂમમાં કઠેડામાં ઊભા રહેતાં જ ચિદમ્બરમ્ બોલ્યા

ન્યુ દિલ્હી,તા. ૨૨

આઈએનએક્સ મીડિયા કેસમાં પૂર્વ ગૃહમંત્રી પી ચિદમ્બરમને આજે રાઉત એવન્યૂ કોર્ટમાં હાજર કરવામાં આવ્યા હતાં. કોર્ટરૂમ પહોંચતા જ ચિદમ્બરમના વકીલોની ફોજ પણ પહોંચી ગઈ હતી. અહીં તેમણે પોતાના વકીલ વિવેક તન્ખ્વા, કપિલ સિબ્બલ અને અભિષેક મનુ સિંઘવી સાથે મુલાકાત કરી હતી.

અહીં ચિદમ્બરમને કઠેડામાં ઉભા કરવામાં આવ્યા હતાં. આ દરમિયાન ચિદમ્બરમે સીબીઆઈ અધિકારીઓ પર ટિપ્પણી કરી હતી. કોર્ટમાં કઠેડામાં ઉભા રહેતા જ ચિદમ્બરમે સીબીઆઈ પર ટિપ્પણી કરતા કહ્યું હતું કે, આ કોર્ટરૂમ તો હુબ જ નાનો છે., મને તો આશા હતી કે કોર્ટરૂમ તો ખુબ જ મોટો હશે. સાથે જ તેમણે એમ પણ કહ્યું હતું કે, શું કોર્ટના બધા જ કોર્ટરૂમ આટલા જ નાના છે. તો સીબીઆઈના અધિકારીઓએ કહ્યું હતું કે, રાઉત એવન્યૂ કોર્ટના તમામ કોર્ટરૂમ નાના છે. તેમાં પણ હાલ કોર્ટરૂમ લોકોથી ખચાખચ ભરેલો છે.

## બદલાની ભાવનાની સાથે કાર્યવાહી : કોંગ્રેસ

**તપાસ બાદ વાસ્તવિકતા સપાટી પર આવી હતી : સીબીઆઈનો બદલો લેવા ઘાતક હથિયાર તરીકે ઉપયોગ કરવાના સીધા આક્ષેપો : રાજકીય કાવતરુ છે : સુરજેવાલા**

નવી દિલ્હી,તા.૨૨

પૂર્વ નાણામંત્રી પી ચિદમ્બરમની ધરપકડ કરવામાં આવ્યા બાદ કોંગ્રેસ આજે પત્રકાર પરિષદ યોજીને આને રાજકીય કાવતરા તરીકે ગણાવીનો વ્યક્તિગત બદલાની ભાવનાથી કરવામાં આવેલી કાર્યવાહી તરીકે ગણાવી હતી. કોંગ્રેસે કહ્યું હતું કે, અર્થવ્યવસ્થાની હાલત કફોડી બનેલી છે. લોકોની નોકરી જઈ રહી છે. ડોલર સામે રૂપિયાનું પતન થઈ રહ્યું છે. આવી સ્થિતિમાં લોકોનું ધ્યાન અન્યત્ર વાળવા માટે મોદી સરકાર દ્વારા આ રમત રમવામાં આવી છે. કેટલીક ચેનલ સરકારની કઠપુતળી બનીને કામ કરી રહી છે. કોંગ્રેસ પ્રવક્તાએ સત્યમેવ જયતેનો નારો આપતા કહ્યું હતું કે, તપાસ બાદ તમામ બાબતો સપાટી પર આવી જશે. કોંગ્રેસના પ્રવક્તા રણદીપ સુરજેવાલાએ કહ્યું હતું કે, મોદી સરકાર બન્યાના છ વર્ષ બાદ ૧૦ વર્ષ જુના કેસમાં તેમને ફસાવવામાં આવી રહ્યા છે. જેલમાં રહેલી એક એવી મહિલાને આધાર બનાવવામાં આવી છે. જેમના પર પોતાની પુત્રીની હત્યા કરવાનો આક્ષેપ છે. ૪૦ વર્ષ સુધી રાજકીય જીવનમાં ઈમાનદારીથી આગળ વધનાર ચિદમ્બરમને ફસાવવામાં આવ્યા છે. બદલા લેવાની એજન્સી તરીકે સીબીઆઈનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. સુરજેવાલાએ કહ્યું હતું કે, ચિદમ્બરમ અને તેમના પુત્ર ૨૦થી વધુ વખત ઈડી અને સીબીઆઈ સમક્ષ હાજર થઈ ચુક્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

## INX મીડિયા કેસના ઈડીના તપાસ અધિકારી રાકેશ આહૂજાની બદલી

ન્યુ દિલ્હી,તા. ૨૨

INX મીડિયા કેસની તપાસ કરી રહેલા ઈના તપાસ અધિકારી રાકેશ આહૂજાની બદલી થઈ છે. રાકેશ આહૂજાને ઈડ્ઢની બહાર ફરી દિલ્હી પોલીસમાં મોકલી દેવાયા છે. તેમની બદલી બાદૈંદ્ગઠ મીડિયા મામલાની જવાબદારી હવે કોઈ નવા તપાસ અધિકારીને સોંપવામાં આવશે. રાકેશ આહૂજા આ મામલાની તપાસમાં શરૂઆતથી જ જોડાયેલા છે. તેઓ ઈડ્ઢના સહાયક નિર્દેશકના પદ પર હતા. એકાએક તેમની ટ્રાન્સફર શા માટે કરવામાં આવી તેની જાણકારી મળી શકી નથી. આ પહેલા કોંગ્રેસના સિનિયર નેતા અને પૂર્વ નાણાંમંત્રી પી. ચિદંબરમની સીબીઆઈએ લગભગ ૩ કલાકથી વધારે પુછપરછ કરી. આ દરમિયાન અધિકારીઓએ INX મીડિયા કેસને લઈને ઘણાં સવાલો પુછ્યા. જો કે, ઝ્રમ્ૈંના સુત્રો જણાવે છે કે, ચિદંબરમ તપાસમાં સહયોગ કરી રહ્યાં નથી.

## ન્યુઝ ટ્રેક

### કાશ્મીરમાં હજુ સુરક્ષાદળો રોકાશે

કાશ્મીરમાં ૩૭૦ની કલમ હટાવાયા બાદ જનજીવન પૂર્વવત થતા સમય લાગશે. આમ છતાં છેલ્લા ત્રણ દિવસથી નિયંત્રણો હળવા કરાયા છે. પરંતુ સંપૂર્ણ રીતે સુરક્ષાદળો હટાવવામાં રાહ જોવી પડશે.

### રાહુલ ગાંધી સામે ચૂંટણીના હરીફની ધરપકડ

કેરળના વાયનાડ બેઠક પર રાહુલ ગાંધી સામે ચૂંટણી લડનાર તુષાર વેલ્લાપલ્લીની દુબાઈ પાસે છેતરપીંડીના મામલે ધરપકડ કરાઈ છે. તુષાર ભાજપની સહયોગી પાર્ટી ભારત ધર્મ સેનાના પ્રમુખ છે.

### ઈસરો અધ્યક્ષ શીવનને કલામ પુરસ્કાર

ઈસરોના અધ્યક્ષ કે. શીવનને તામિલનાડુના મુખ્યમંત્રી પલાનીસ્વામીના હસ્તે ડૉ. એપીજે અબ્દુલ કલામ સન્માનથી સન્માનિત કરવામાં આવ્યા છે.

### મમતા બેનર્જીએ ગલ્લા પર ચા બનાવી



પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી પૂર્વ મેદીનીપુર જિલ્લાના પ્રવાસ દરમ્યાન પોતાના કાફલાને રોડના કિનારે અટકાવી ચાની દુકાને પહોંચ્યા હતા અને જાતે ચા ની દુકાન પર ચા બનાવી ગ્રાહકોને પીરસી હતી.

### હિમાચલમાં ભૂકંપના આંચકા

હિમાચલપ્રદેશના ચંબાના વહેલી સવારે ૨.૭ની તીવ્રતાના ભૂકંપના આંચકા અનુભવાયા હતા. પૂર અને વરસાદનો સામનો કરી રહેલા હિમાચલવાસીઓ આ ભૂકંપના આંચકાથી ભયભીત બન્યા છે. નિકોબાર દ્વિપ સમૂહમાં પણ ભૂકંપના આંચકા અનુભવાયા હતા.

# અંકુશ રેખા પાસે ત્રાસવાદીઓનો જમાવડો

**હુમલાના ખતરાથી હાઈએલર્ટ : દિલ્હી સહિત મોટા શહેરોમાં રક્તપાત સર્જવાની ખતરનાક યોજના : ૯૦ના દશકની જેમ ફરી અફઘાન ત્રાસવાદીઓને મોકલીને ભારતમાં હુમલા કરાવવા માટેની પાકિસ્તાનની યોજના : ૨૦૦ અફઘાન ત્રાસવાદીઓ એકત્રિત**

શ્રીનગર, તા. ૨૨

જમ્મુ કાશ્મીરને ખાસ દરજ્જો આપતી કલમ ૩૭૦ની નાબુદી બાદ હચમચી ઉઠેલા પાકિસ્તાન દ્વારા જુદી જુદી રીતે ભારતમાં રક્તપાત સર્જવવા માટેના પ્રયાસ જારી રાખ્યા છે. ખાસ કરીને જમ્મુ કાશ્મીરમાં રક્તપાત સર્જવા માટે બનતા તમામ પ્રયાસો પાકિસ્તાન અને તેની ગુપ્તચર સંસ્થા આઈએસઆઈ તેમજ પાકિસ્તાની સેના દ્વારા કરવામાં આવી રહ્યા છે. તમામના પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે જમ્મુ કાશ્મીરમાં ત્રાસવાદી હુમલા કરવાના પ્રયાસ જારી રાખ્યા છે. હવે પ્રાપ્ત થયેલી માહિતી મુજબ પાકિસ્તાન હવે અફઘાન ત્રાસવાદીઓને



ઘુસણખોરી કરાવી દેવા માટે તૈયાર છે. અફઘાનિસ્તાનના ત્રાસવાદીઓ વધારે પ્રમાણમાં ટ્રેનિંગ પામેલા છે અને વધારે ખતરનાક છે. હાલમાં મોટી સંખ્યામાં અફઘાનિસ્તાની ત્રાસવાદીઓ અંકુશ રેખા ખાતે એકત્રિત થયા છે. પાકિસ્તાને ૯૦ના દશકમાં પણ આવી જ રીતે ખતરનાક હુમલા કરવા માટે અફઘાનના ત્રાસવાદીઓનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. સુરક્ષા દળોના એક વરિષ્ઠ અધિકારીના કહેવા મુજબ અફઘાનિસ્તાનના ત્રાસવાદીઓ વધારે ખતરનાક છે. કારણ કે તેમની ટ્રેનિગ વધારે પ્રમાણમાં કઠોર રહે છે. આ જ કારણસર પાકિસ્તાન

● અનુસંધાન પાન-૭ પર

## ભારતને પ્રથમ રાફેલ વિમાન ૨૦ સપ્ટેમ્બરે મળશે

ન્યુ દિલ્હી,તા. ૨૨

પાકિસ્તાન સાથે તણાવ ભર્યા માહોલ સમયે ભારતીય સેનાને એક નવી તાકાત મળશે. ભારતને પ્રથમ રાફેલ વિમાન ૨૦ સપ્ટેમ્બર મળવાનું છે. ભારતમાં પ્રથમ રાફેલ વિમાન લાવવા માટે રક્ષા મંત્રી રાજનાથ સિંહ અને વાયુસેના પ્રમુખ એર ચીફ માર્શલ બીએસ ધનોઆ ફ્રાન્સ જશે. જ્યારે ભારતને ૨૦ સપ્ટેમ્બરે રાફેલ વિમાન આપવામાં આવશે તો ત્યાં રક્ષામંત્રી રાજનાથ સિંહ અને વાયુસેના પ્રમુખ એર ચીફ માર્શલ બીએસ ધનોઆ હાજર રહેશે. રક્ષા મંત્રાલયના સૂત્રોના મતે સપ્ટેમ્બરના ત્રીજા સપ્તાહ સુધી ભારતને રાફેલ સોંપવાની પ્રક્રિયા પૂરી કરવામાં આવશે. રાફેલ વિમાન પારંપરિક રુપથી ભારતને સોંપવામાં આવશે. રાફેલ વિમાન સોપતા સમયે ફ્રાન્સના ઘણા વરિષ્ઠ અધિકારી પણ હાજર રહેશે.

## અયોધ્યા કેસમાં હિન્દુ પક્ષ વતી તર્કદાર દલીલો થઈ

**અયોધ્યા કેસમાં દસમાં દિવસે પણ સુનાવણી : વિવાદાસ્પદ સ્થળ પર પુજાની તક આપવા માટે રજુઆત**

નવી દિલ્હી,તા. ૨૨

અયોધ્યા મામલામાં સુપ્રીમ કોર્ટમાં આજે દસમાં દિવસે પણ જોરદાર સુનાવણી જારી રહી હતી. હિન્દુ પક્ષ તરફથી આજે દલીલો કરવામાં આવી હતી. અયોધ્યામાં રામ મંદિર-બાબરી મસ્જિદ જમીન વિવાદ મામલાની હાલમાં સુનાવણી ચાલી રહી છે. અર્જી કરનાર ગોપાલ સિંહ તરફથી વરિષ્ઠ વકીલ રણજીત કુમાર દ્વારા રજુઆત કરવામાં આવી હતી. રણજીત કુમારે દલીલ કરતા કહ્યું હતું કે, તેઓ પુજારી તરીકે છે. તેમને વિવાદાસ્પદ સ્થળ પર પુજા કરવાનો અધિકાર છે. સુપ્રીમ કોર્ટમાં તકદાર દલીલોનો દોર આજે જારી રહ્યો હતો. સમગ્ર વિવાદ ૨.૭૭ એકર જમીનને લઈને છે. હજુ સુધી નિર્મોહી અખાડા અને રામલલ્લા વિરાજમાનના વકીલે તેમનો પક્ષ કોર્ટમાં રજૂ કરી દીધો છે. બુધવારે સાંજે સુનાવણી ખતમ થતા પહેલાં ગોપાલ સિંહ વિશારદ તરફથી વકીલ રંજીત સિંહ દ્વારા રજુઆત કરવામાં આવી હતી. આજે તેમની દલીલો જારી રહી હતી. ગોપાલ સિંહ વિશારદના વકીલ રાજીવ કુમાર તરફથી કહેવામાં આવ્યું છે કે, ૧૯૪૯માં મુસ્લિમ પાર્ટીએ કહ્યું હતું કે, તેઓ ૧૯૩૫થી ત્યાં નમાઝ નથી પઢતા. આ સંજોગોમાં જો હિન્દુઓને આ જમીન આપવામાં આવે તો તેમને કોઈ મુશ્કેલી નથી. આ દરમિયાન સુપ્રીમ કોર્ટે એફિડેવિટની માન્યતા વિશે પૂછ્યું હતું અને પૂછ્યું હતું કે શું આ એફિડેવિટ વેરિફાઈ છે ? જસ્ટિસ બોબડેએ કહ્યું હતું કે, એફિડેવિટ ત્યારે આપવામાં આવી હતી જ્યારે સરકાર જમીન રિસીવરને સોંપવા ઈચ્છતી હતી.

## આઈએલએન્ડએફએસ મામલે રાજ ઠાકરેની ઈડી દ્વારા કડક પુછપરછ

**રાજ ઠાકરેની સમસ્યા વધે તેવા સંકેત : પાર્ટીમાં સનસનાટી : મુંબઈમાં હલચલ**

મુંબઈ,તા. ૨૨

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) દ્વારા મહારાષ્ટ્ર નવ નિર્માણ સેનાના અધ્યક્ષ રાજ ઠાકરેની પુછપરછ કરવામાં આવી છે. આ પુછપરછ કોહિનુર સીટીએનએલ ઈન્ફ્રાસ્ટક્ચર કંપનીમાં આઈએલએન્ડએફએસ દ્વારા ૪૫૦ કરોડ રૂપિયાની ઈક્વિટી રોકાણ અને દેવા સાથે જોડાયેલી અનિયમિતતા સાથે સંબંધિત છે. આને લઈને ઈડી દ્વારા રાજ ઠાકરેને નોટીસ જારી કરવામાં આવી હતી. ઈડીની પુછપરછથી મહારાષ્ટ્રની રાજનીતિમાં ગરમી જામી ગઈ છે. શિવસેનાના નેતા ઉદ્ધવ ઠાકરેએ પોતે કહ્યુ છે કે આ પુછપરછથી કઈ પણ હાંસલ થનાર નથી. દરમિયાન મુંબઈ પોલીસે સાવચેતીના પગલા રૂપે પાર્ટીના નેતા સંદીપ દેશપાન્ડે સહિત એમએનએસ કાર્યકરોને કસ્ટડીમાં લઈ લીધા છે. રાજ ઠાકરેની પુછપરછ દરમિયાન તેમને કેટલાક વૈધક પ્રશ્નો કરવામાં આવ્યા છે. કોહિનુર સીટીએનએલ દાદરમાં કોહિનુર ટાવર્સના નિર્માણનુ કામ કરે છે. ઈડી કંપનીના શેર હોલ્ડિંગ તેમજ તેમના રોકાણના મામલે નાની નાની બાબતોમાં ધ્યાન આપે છે. કોહિનુર મિલ્સ નંબર ત્રણને ખરીદવા માટે શિવસેનાના નેતા મનોહર જોશીના પુત્ર ઉન્મેષ જોશી અને રાજ ઠાકરેએ મળીને એક કન્સોર્ટિયમની રચના કરી હતી. રાજ ઠાકરે હવે શેર વેચી ચુક્યા છે. આઈએલએન્ડએફએસ ગ્રુપે

● અનુસંધાન પાન-૭ પર

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225

